# ચૂંટણીના અવનવા રંગ : GEN-Zથી લઈ સંતો અને રાજકારણીઓનું મતદાન














## “જેમ પશ્ચિમ બંગાળમાં TMC, તેમ ગુજરાતમાં BJP”: સાંસદ યુસુફ પઠાણ

**ગુજરાતની જનતા જાગૃત છે અને વિકાસને જ મત આપે છે, આગામી 40-50 વર્ષ સુધી ભાજપને કોઈ હટાવી નહીં શકે: ક્રિકેટર અને TMC સાંસદ યુસુફ પઠાણ**

વડોદરામાં મતદાન પ્રક્રિયા દરમિયાન તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સાંસદ અને પૂર્વ ભારતીય ક્રિકેટર યુસુફ પઠાણના નિવેદને રાજકીય ગલિયારામાં ભારે ચર્ચા જગાવી છે. પોતાના વતન વડોદરાના તાંદલજા વિસ્તારમાં પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ મીડિયા સાથે વાતચીતમાં યુસુફ પઠાણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, લોકશાહીમાં વોટ આપવો એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે અને જનતા હંમેશા એવા પક્ષને પસંદ કરે છે જેની પાસેથી તેમને વિકાસની અપેક્ષા હોય. ગુજરાતની જનતા ખૂબ જ જાગૃત છે અને તેઓ હંમેશા વિકાસને પ્રાધાન્ય આપે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાતમાં ભાજપ જે રીતે કામ કરી રહી છે અને લોકો તેને મત આપી રહ્યા છે, તે જોતા અહીં ભાજપની સરકાર કાયમ રહેશે. તેમણે કટાક્ષ અને વાસ્તવિકતાના મિશ્રણ સાથે જણાવ્યું કે, જો હું એમ કહીશ કે આગામી 40-50 વર્ષ સુધી ગુજરાતમાંથી ભાજપને કોઇ હટાવી નહીં શકે, તો કદાચ તમને સાંભળવું ગમશે, પરંતુ હકીકત એ છે કે જે પક્ષ કામ કરે છે તેને જ જનતા પસંદ કરે છે. આગામી 40 વર્ષ સુધી બંગાળમાં ટીએમસીને કોઈ પડકારી શકશે નહીં. તેમણે તર્ક આપ્યો હતો કે જે રાજ્યમાં જે પક્ષ મજબૂત છે અને લોકોની પસંદગી પામે છે, ત્યાં તેનું શાસન ટકી રહે છે. બંગાળમાં ટીએમસીના કામને કારણે લોકો તેને વોટ આપે છે અને ગુજરાતમાં ભાજપ માટે પણ આ જ સ્થિતિ છે.



### બૂથ નં. 43 પર EVMમાં 12 નંબરનું બટન ન દબાતા મતદારો પરેશાન

# મકરપુરામાં ‘આપ’નું બટન જામ અને બૂથમાં PM-CMના ફોટા સાથે પ્રચાર!

(પ્રતિનિધિ) વડોદરા તા.26

મકરપુરા સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલયના બૂથ નંબર 43 પર મતદાન પ્રક્રિયા દરમિયાન ગંભીર ગેરરીતિઓ અને નિયમોના ઉલાળીયા થયા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે, વોર્ડ નંબર 12 ના આમ આદમી પાર્ટીના ઉમેદવારને મતદારો દ્વારા ફરિયાદ મળી હતી કે EVM મશીનમાં 12 નંબરનું બટન, જે આમ આદમી પાર્ટીનું છે, તે બરાબર કામ કરી રહ્યું નથી. આ ફરિયાદ મળતા જ ઉમેદવાર તાત્કાલિક મતદાન મથકે પહોંચ્યા હતા. તેમણે જાતે તપાસ કરતા જાણવા મળ્યું કે અનેક પ્રયત્નો છતાં બટન દબાતું નહોતું. ઉમેદવારના જણાવ્યા અનુસાર, મશીન એકવાર કામ કરે છે અને બીજી વાર બંધ થઈ જાય છે, જેના કારણે મતદારોને



હાલાકી ભોગવવી પડી રહી છે અને તેમના મતો અન્યત્ર જઈ રહ્યા હોવાની ભીતિ સેવાઈ રહી છે. આ મામલે જ્યારે ઉમેદવારે ત્યાં હાજર અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી, ત્યારે તેમને યોગ્ય જવાબ આ પવાને બદલે અપમાનિત કરવામાં આવ્યા હોવાના પણ આક્ષેપો થયા છે.

ઉમેદવારે જણાવ્યું કે, બારોટ સાહેબ અને મહેતા સાહેબ નામના અધિકારીઓએ તેમને ધક્કા મારીને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો અને ગનમેનને બોલાવી ધમકાવ્યા હતા. ઉમેદવારે આક્ષેપ કર્યો છે કે, મતદાન મથકની અંદર બેઠેલા પ્રિસાઈડિંગ ઓફિસર પાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ફોટાવાળી પુસ્તકો હતી, જેનો ઉપયોગ મતદાનના સમયે પ્રચાર માટે કરવામાં આવી રહ્યો હતો. આ સીધો આચારસંહિતાનો ભંગ છે અને સરકારી અધિકારીઓ દ્વારા શાસક પક્ષનો પ્રચાર કરવામાં આવતો હોવાનું જણાતા લોકશાહીના હનન જેવી સ્થિતિ સર્જાઈ છે.

## જનરેશન ઝેડના જાગૃત યુવા મતદારોમાં મતદાનનો ઉત્સાહ

**પ્રથમવાર મતાધિકારનો** ઉપયોગ કરી યુવા મતદારે લોકશાહીના પર્વની ઉજવણી કરી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026 અન્વયે આજે વડોદરા શહેર-જિલ્લામાં લોકશાહીના પર્વની શાનદાર ઉજવણી થઈ રહી છે. શહેરના વિવિધ મતદાન મથકો પર નાગરિકો ઉત્સાહભેર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહેલા આ ચૂંટણી પર્વમાં વયસ્ક નાગરિકોની સાથે સાથે યુવા મતદારોમાં પણ મતદાન પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.વડોદરા શહેરના એક મતદાન મથક ખાતે આજે પ્રથમ વખત પોતાના મતાધિકારનો ઉપયોગ કરનાર યુવા મતદાર કુ. વેદી પારેખે મતદાન કર્યા બાદ પોતાની ખુશી અને ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. અઢાર વર્ષ પૂર્ણ કર્યા બાદ અને જનરેશન ઝેડ (જેન-ઝી) ના એક જાગૃત યુવા નાગરિક તરીકે પોતાનો પ્રથમ વોટ આપીને તેમણે અત્યંત આનંદ અનુભવ્યો હોવાનું જણાવ્યું હતું. આ યુવા મતદારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મહત્વ વિશે ભાર મૂકતા જણાવ્યું હતું કે, કોર્પોરેશનની ચૂંટણીઓ નાગરિકોના રોજિંદા જીવન સાથે સીધી રીતે જોડાયેલી હોવાથી તે અત્યંત મહત્વપૂર્ણ છે.

## મત લોકશાહીને મજબૂત બનાવે છે, મતદાન જરૂરી : યુવા મતદાર



પ્રથમ વખત મતદાન કરનાર નિશ્કા વૈદ્યએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ આનંદ અને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મતદાન કરવાનો અનુભવ તેમના માટે ખૂબ જ ઉત્સુકતા ભર્યો અને આનંદદાયક રહ્યો છે.વડોદરાના ભાઈલી વિસ્તારની રહેવાસી અને પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદાર નિશ્કા વૈદ્યએ અન્ય નાગરિકોને પણ અપીલ કરી હતી કે, તેઓ લોકશાહી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાય અને પોતાના મૂળભૂત અધિકારનો ઉપયોગ કરીને મતદાન અવશ્ય કરવુ જોઈએ. તેમણે ઉમેર્યું કે, દરેક મત લોકશાહીને મજબૂત બનાવે છે અને જવાબદાર નાગરિક તરીકે મતદાન કરવું અત્યંત જરૂરી છે.

## “વડોદરાની વિરાસત સાચવનારાને ચૂંટો”: મહારાણી રાધિકારાજે ગાયકવાડ

**વડોદરા એક ઐતિહાસિક શહેર છે અને તેની વિરાસતને જાળવી રાખવી એ આપણી નૈતિક જવાબદારી છે સંસ્કારી નગરીની ઓળખને વધુ મજબૂત બનાવો**

વડોદરાની સાંસ્કૃતિક ઓળખ અને ગૌરવશાળી પરંપરાના પ્રતીક એવા રાજવી પરિવારના મહારાણી રાધિકા રાજે ગાયકવાડે આજે લોકશાહીના પર્વમાં સહભાગી થઈને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીમાં મહારાણી રાધિકા રાજે ગાયકવાડે મતદાન કર્યા બાદ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે વડોદરા એક ઐતિહાસિક શહેર છે અને તેની વિરાસતને જાળવી રાખવી એ આપણી નૈતિક જવાબદારી છે. જે પણ ઉમેદવાર વિજેતા બને તે શહેરની હેરિટેજ મિલકતો અને સંસ્કારી નગરીની ઓળખને વધુ મજબૂત બનાવે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે આગળ ઉમેર્યું હતું કે મતદાન માત્ર અધિકાર જ નહીં પરંતુ ફરજ પણ છે અને દરેક નાગરિકે ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લેવો જોઈએ. શહેરના સર્વાંગી વિકાસ માટે સચોટ નેતૃત્વ અને જનભાગીદારી જરૂરી છે. તેમણે ખાસ કરીને યુવાનોને આગળ આવીને લોકશાહી પ્રક્રિયામાં જોડાવા અપીલ કરી હતી અને મતદાન દ્વારા પોતાના ભવિષ્યનો નિર્ણય કરવાની જવાબદારી નિભાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.શહેરનો વિસ્તાર વધી રહ્યો છે અને તે મુજબનો ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ વિકાસ થવો જોઇએ. શહેરની જરૂરીયાતો વધી રહી છે તે મુજબ શહેરનો વિકાસ થવો જોઇએ.



## સયાજીગંજમાંથી પરિણીતાનું ફિલ્મી સ્ટાઈલમાં અપહરણ

### ત્રિપુટીને સુરેન્દ્રનગરમાંથી ઝડપી પાડી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં રહેતી એક પરિણીતાનું ત્રણ શખ્સોએ ફિલ્મી સ્ટાઈલમાં અપહરણ કર્યું હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, આરોપીઓએ મહિલાને જબરદસ્તી કારમાં બેસાડી અપહરણ કર્યું હતું. ઘટનાના સમયે મહિલાના પતિએ વિરોધ નોંધાવતા આરોપીઓએ તેમની સાથે મારામારી પણ કરી હતી અને પતિની નજર સામે જ પત્નીને લઈ ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે પતિએ તાત્કાલિક સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો દોર શરૂ કર્યો હતો. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સીસ અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કારનો



નંબર મળી આવતા આરોપીઓ મહિલાને લઈને સુરેન્દ્રનગર તરફ ભાગ્યા હોવાની માહિતી મળી હતી. પોલીસ ટીમે તરત જ સુરેન્દ્રનગર તરફ દોડી જઈ કાર્યવાહી કરી હતી અને અંતે ત્રિપુટીને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. મહિલાને સલામત રીતે છોડાવી લેવામાં આવી છે. હાલમાં પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. મહિલા ત્રણમાંથી એક વ્યક્તિથી પરિચીત હોવાનું જાણવા મળી રહ્યું છે.

## ગોરવા પંચવટી કેનાલમાં લાશ તરતી દેખાતા અરેરાટી

### ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ગોરવા વિસ્તારમાં આવેલી પંચવટી કેનાલમાંથી આજે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. કેનાલના પાણીમાં મૃતદેહ તરતો હોવાની જાણ થતા જ સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા, જેના પગલે પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ઘટનાની વિગતો મુજબ, આજે વહેલી સવારે ગોરવા પંચવટી કેનાલ પાસેથી પસાર થતા રાહદારીઓની નજર પાણીમાં તરતી એક માનવ લાશ પર પડી હતી. આ જોતા જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તુરંત જ વડીવાડી ફાયર બ્રિગેડની ટીમને આ અંગે જાણકારી આપવામાં આવી હતી. ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ કેનાલના ઉંડા પાણીમાંથી મૃતદેહને



બહાર કાઢવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતદેહ એક પુરુષનો છે. આ ઘટનાને પગલે ગોરવા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં મૃતકની ઓળખ થઈ શકી નથી, તેથી પોલીસ દ્વારા આસપાસના વિસ્તારમાં ગુમ થયેલા વ્યક્તિઓની યાદી તપાસવામાં આવી રહી છે.

## વાઘોડિયા રોડ પર VMCના ટેન્કરનું ટાયર નીકળી ગયું

### નંબર વગરના ટેન્કરનું ટાયર નીકળ્યું, મોટી હોનારત ટળી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સંસ્કારી નગરી વડોદરામાં કોર્પોરેશનના વાહનો જાણે જોખમી સાબિત થઈ રહ્યા હોય તેમ વધુ એક બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વ્યસ્ત વાઘોડિયા રોડ પર પ્રભાત બસ સ્ટેન્ડ પાસે આજે વડોદરા મહાનગરપાલિકાના એક ટેન્કરનું ચાલુ ફરજ દરમિયાન અચાનક ટાયર નીકળી જતાં દોડધામ મચી ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ તંત્રની નિષ્કાળજીને કારણે મોટી હોનારત સર્જાતા રહી ગઈ હતી. મળતી માહિતી મુજબ, વાઘોડિયા રોડ પરથી પસાર થઈ રહેલું ‘On Duty VMC’ લખેલું એક પાણીનું ટેન્કર જ્યારે પ્રભાત બસ સ્ટેન્ડ નજીક પહોંચ્યું, ત્યારે અચાનક તેનું એક ટાયર ધડાકાભેર નિકળીને રસ્તા પર ફંગોળાયું



હતું. ટેન્કર ચાલકે સમયસૂચકતા વાપરી વાહન પર કાબૂ મેળવ્યો હતો, નહીંતર બાજુમાંથી પસાર થતા વાહનચાલકો કે રાહદારીઓ અડફેટે આવી શક્યા હોત. આ ઘટનાને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને સ્થાનિકોમાં તંત્ર વિરુદ્ધ રોષ જોવા મળ્યો હતો. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે, મહાનગરપાલિકાની કામગીરીમાં જોડાયેલા આ ટેન્કર કે ટ્રેક્ટર પર કોઈ પણ પ્રકારની નંબર પ્લેટ જોવા મળી ન હતી. આરટીઓના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરાયું હતું.

## વડોદરામા દિવ્યાંગ અને વૃદ્ધ મતદારોનો પોલીસ સહારો બની

### માનવતા સાથે લોકશાહીની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને વિવિધ વિસ્તારોમાં આવેલા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને અધિકારીઓએ ફરજ સાથે સંવેદનશીલતા દાખવી, અશક્ત નાગરિકને ઉંચકી મતદાન મથક સુધી પહોંચાડી માનવતાની મહેક પ્રસરાવી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન સાકરદા શાળામાં એક પ્રેરણાદાયક દશ્ય જોવા મળ્યું હતું, જ્યાં વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલા પોલીસ સ્ટેશનના જવાનોએ પોતાની ફરજને માનવતાની ભાવનાથી જોડીને એક અશક્ત (દિવ્યાંગ) તેમજ વૃદ્ધ હોય તેવા નાગરિકને પોતાના હાથમાં ઉંચકી મતદાન મથક સુધી પહોંચાડ્યા હતા. આ દશ્ય માત્ર મદદનો એક નાનો પ્રયાસ નહોતો, પરંતુ લોકશાહીના મૂળ મૂલ્યોને જીવંત બનાવતું ઉદાહરણ બન્યું હતું.



મત આપવા આવેલા નાગરિકના ચહેરા પરનો વિશ્વાસ અને પોલીસ જવાનની આંખોમાં દેખાતી સહાનુભૂતિએ ત્યાં હાજર લોકોમાં ભાવુકતા અને ગર્વની લાગણી જગાવી હતી. આ ઘટના એ દર્શાવે છે કે મતદાનનો અધિકાર દરેક નાગરિક માટે સમાન છે અને શારીરિક અશક્તતા લોકશાહીમાં ભાગ લેવાનું અવરોધ બની શકતી નથી. સાથે જ, ખાખી વરદી માત્ર કાયદો અને વ્યવસ્થા જ જાળવતી નથી, પરંતુ જરૂરિયાત વખતે માનવ સેવા માટે પણ તત્પર રહે છે.